

UNITED
WE ACHIEVE MORE

# GCCI REGIONAL COUNCIL

*Chairman*
**Durgesh Buch**
President
Gujarat Chamber of Commerce & Industry

18 એપ્રિલ, 2020

**શ્રી વિજયભાઈ રૂપાણી**
માનનીય મુખ્યમંત્રીશ્રી
ગુજરાત રાજ્ય

**વિષય: COVID-19 ને કારણે લોકડાઉન દરમ્યાન રિટેઇલ વેપાર અને ઈ-કૉમર્સને સાથેજ કામગીરી શરુ કરવાની મંજૂરી આપવા અંગે**

**માનનીય શ્રી વિજયભાઈ,**

આપણી કુશળતા ઈચ્છુ છું.

આપ વિદિત છો તેમ ભારત સરકાર દ્વારા હાલમાં  લોકડાઉન ના સમય દરમ્યાન અમુક વેપાર-ઉદ્યોગોને તેમની કામગીરી ચાલુ કરવાની પરવાનગી આપવામાં આવી છે. આ પરિપત્રમાં જણાવેલ વેપારો અંતર્ગત ઈ -કૉમર્સનો પણ સમાવેશ કરવામાં આવેલ છે અને તેમને  કામગીરી ચાલુ કરવાની પરવાનગી આપવામાં આવેલ છે જયારે રિટેઇલ વેપાર લોકડાઉન ને કારણે બંધ છે અને તેમને કામગીરી ચાલુ કરવાની મંજૂરી આપેલ નથી.

આપશ્રી જાણો છો તેમ રિટેઈલ વેપાર મુખત્વે નાના વેપારીઓ દ્વારા કરવામાં આવે છે. વધુમાં છેવાડાના વિસ્તારો સુધી જીવન જરૂરિયાતની વસ્તુઓ પહોચાડવામાં રિટેઇલ ઉદ્યોગનો મોટો ફાળો છે. રાજ્ય અને દેશભરમાં ગરીબ અને મધ્યમ વર્ગના કામદારોને તેમજ નાના વેપારીઓને સૌથી વધુ રોજગારી આપનારો પણ આજ રિટેઈલ વેપાર છે.

હાલમાં માનવ-સંપર્ક શક્ય ન હોવાને કારણે તેમજ નાણાં -પ્રવાહ નહિવત હોવાને કારણે રિટેઇલ વેપાર પહેલેથીજ ખુબ વિકટ પરિસ્થિતિ નો સામનો કરે છે અને તેમનું અસ્તિત્વ જાળવી રાખવાના પુરજોર પ્રયત્નો કરે છે તેવા સમયે જો ઈ -કૉમર્સને રિટેઇલ વેપાર કરતા લગભગ 13 દિવસ પહેલાજ કામગીરી ચાલુ કરવાની પરવાનગી આપી દેવામાં આવશે તો તે રિટેઇલ વેપાર ને મોટો નુકશાન થશે. વધુમાં ઈ -કૉમર્સને વહેલી કામગીરી કરવાની મંજૂરી આપવાને કારણે જો ઉપભોક્તાની ખરીદી કરવાની પદ્ધતિ  કાયમી ધોરણે બદલાઈ જશે તો તે રિટેઇલ વેપાર માટે જીવલેણ આઘાત આપનારો બનશે જેના કારણે મોટા પ્રમાણમાં બેરોજગારી અને નાણાકીય મુશ્કેલીયો સર્જાશે. વધુમાં, આ નિર્ણયથી ઈ-કૉમર્સને આકસ્મિક ફાયદો અને રિટેઇલ વેપારને કારણ વગર આકસ્મિક નુકશાન થવાથી ધંધાના કુદરતી ન્યાયના નિયમોનો પણ ઉલ્લંઘન થાય છે.

તેથી આપશ્રીને નમ્ર વિનંતી છે કે ગુજરાત રાજ્યમાં એ-કૉમર્સને રિટેઇલ વેપારની સાથેજ ચાલુ કરવામાં આવે અથવા રિટેઇલ વેપારીઓને પણ કામગીરી ચાલુ કરવાની મંજૂરી આપવામાં આવે જેથી રાજ્યનો રિટેઇલ વેપાર હાલની પરિસ્થિતિમાં તેમનો અસ્તિત્વ ટકાવી શકે.

રાજ્યના અર્થતંત્રના બહોળા હિતમાં અમારા સૂચન અંગે આપના સકારાત્મક નિર્ણયની  અમે આશા રાખીએ છીએ.

આપનો વિશ્વાસુ,

**દુર્ગેશ બુચ**
**ચેરમેન-GCCI  રિજિયોનલ કાઉન્સિલ**

**નકલ રવાના:**
1. **શ્રી નીતિનભાઈ પટેલ,** માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય
2. **શ્રી અનિલ મુકીમ, IAS,** મુખ્ય સચિવ, ગુજરાત સરકાર
3. **શ્રી એમ.કે. દાસ, IAS,** અગ્ર સચિવ, ઉદ્યોગ અને ખાણ વિભાગ, ગુજરાત સરકાર
4. **શ્રી રાહુલ ગુપ્તા, IAS,** ઉદ્યોગ કમિશનર, ગુજરાત સરકાર

*Co-Chairman: Ahmedabad Zone*
**Shri Sunil Vadodaria**
President
Saurashtra Chamber of Comm. & Ind.

*Co-Chairman: Central Gujarat Zone*
**Shri Hemant Vadalia**
President
Vadodara Chamber of Comm. & Ind.

*Co-Chairman: Saurashtra Zone*
**Shri V. P. Vaishnav**
President
Rajkot Chamber of Comm. & Ind.

*Co-Chairman: South Gujarat Zone*
**Shri Ketan Desai**
President
The Southern Gujarat Chamber of Comm. & Ind.

**:Members:**

**Shri Anil Jain**
President
Gandhidham Chamber of Comm. & Ind.

**Shri Bipendrasinh Jadeja**
President
Jamnagar Chamber of Comm. & Ind.

**Shri Kanubhai Domadia**
President
Junagadh Chamber of Comm. & Ind.

**Shri Shivrambhai Patel**
President
The Banaskantha Dist. Chamber of Comm. & Ind.

**Shri Shailesh Shah**
President
Zalawad Chamber of Comm. & Ind.

*Communication Address:*
**Gujarat Chamber of Commerce & Industry**
Shri Ambica Mills - Gujarat Chamber Bldg.,
Nr. Mithakhali Underbridge, Ashram Road,
Ahmedabad - 380 028, (Gujarat, India)
Phone: (079) 26582301-2-3-4
Email: regionalcouncil@gujaratchamber.org